

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 035
Dt.: 09-12-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### આજે પણ ૫૦૦થી વધુ ઉડાનો રદ

## ઈન્ડિગોએ અત્યાર સુધી યાત્રીકોને ૮૨૭ કરોડ રૂપિયા રિફંડ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની સર્વિસ પણ સોમવારે સામાન્ય થઈ શકી નથી. પરંતુ ઉડાન સંકટ વચ્ચે એરલાઈને જણાવ્યું કે તેણે અત્યાર સુધી યાત્રીકોને રૂ.૮૨૭ કરોડ રૂપિયાનું રિફંડ જારી કરી ચુકી છે, પરંતુ તેમ છતાં સ્થિતિ સંપૂર્ણ રીતે પાટા પર પરત ફરી નથી.

દિલ્હી, શ્રીનગર, હૈદરાબાદ, બેંગલુરૂ અને અમદાવાદ સહિત ઘણા એરપોર્ટ પર ૫૦૦થીવધુ ઉડાનો રદ થઈ ચુકી છે.

એક દિવસ પહેલા પણ ઈન્ડિગોએ ૬૫૦ થી વધુ ઉડાનો રદ કરી દીધી છે. પરંતુ કંપનીનો દાવો છે કે તેણે પોતાની કુલ ૨૩૦૦ દૈનિક ઉડાનોમાંથી લગભગ ૧૬૫૦ ઉડાનો સંચાલિત કરી છે. ઈન્ડિગોના સીઈઓ પીટર એલ્બર્સે કહ્યુ કે સ્થિતિ ધીમે-ધીમે સામાન્ય થઈ રહી છે અને ૧૦ ડિસેમ્બર સુધી સંચાલન સામાન્ય થવાની આશા છે. નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ રાજ્યસભામાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ઈન્ડિગોના સંકટનું વાસ્તવિક કારણ તેના ક્રૂ રોસ્ટરિંગ અને આંતરિક આયોજન પ્રણાલીમાં ગંભીર સમસ્યાઓ છે. તેમણે સ્વીકાર્યું કે આનાથી મુસાફરોને નોંધપાત્ર અસુવિધા થઈ હતી. મંત્રીએ ચેતવણી આપી હતી કે, "અમે આને હળવાશથી નહીં લઈએ. તપાસ ચાલુ છે, અને અમે કડક પગલાં લઈશું જે અન્ય એરલાઈન્સ માટે ઉદાહરણ બેસાડે." આ દરમિયાન, સુપ્રીમ કોર્ટે ઈન્ડિગો સામે દાખલ કરાયેલી અરજી પર તાત્કાલિક સુનાવણીનો ઈનકાર કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે આ મામલે પહેલાથી જ કાર્યવાહી કરી છે. અરજીની સુનાવણી હવે ૧૦ ડિસેમ્બરે થશે.એક અધિકારીએ જણાવ્યું કે નવી FDTL (Flight Duty Time Limitations) વ્યવસ્થા લાગૂ થવાથી ક્રૂ પ્લાનિંગમાં બફરની કમી ગંભીર સમસ્યા બની ગઈ.

તેમણે દાવો કર્યો- અમારી પાસે પાયલટોની કમી નથી. બસ અન્ય એરલાઈનોની તુલનામાં બફર સ્ટાફ ઓછો હતો.

સંસદની પરિવહન, પર્યસન અને સંસ્કૃતિ સાથે જોડાયેલી સમિતિ જલ્દી ઈન્ડિગો અને DGCA અધિકારીઓને સમન્સ પાઠવી શકે છે. DGCA એ ઈન્ડિગોના સીઈઓ અને accountable manager ને જાહેર કરાયેલી કારણ દર્શાવો નોટિસનો જવાબ આપવા માટે ૨૪ કલાકનો વધુ સમય આપ્યો છે. કંપનીના મેનેજમેન્ટે સમય વધારવાનો ઈનકાર કર્યો હતો, ત્યારબાદ તેને સોમવારે સાંજ સુધી જવાબ આપવાની મંજૂરી આપવામાં આવી.




### ૧ કરોડ પરિવારો માટે મોટા સમાચાર

## પેન્શન સુધારા પર કેન્દ્ર સરકારે ચિત્ર સ્પષ્ટ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા કેટલાક અઠવાડિયાથી કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો પર જે અનિશ્ચિતતા છવાયેલી હતી તે હવે સંપૂર્ણપણે દૂર થઈ ગઈ છે.

નાણા મંત્રાલયે એ સમાચારની પુષ્ટિ કરી છે જેની દેશભરના લાખો સરકારી કર્મચારીઓ અને નિવૃત્ત કર્મચારીઓ રાહ જોઈ રહ્યા હતા. સરકારે સ્પષ્ટતા કરી છે કે આઠમું પગાર પંચ ફક્ત વર્તમાન કર્મચારીઓ માટે પગાર માળખું નક્કી કરશે નહીં પરંતુ પેન્શન સુધારા અંગે ભલામણો પણ કરશે. કર્મચારી સંગઠનો અને પેન્શનર સમુદાયમાં સૌથી મોટો પ્રશ્ન એ હતો કે શું પેન્શનનો સમાવેશ ૮મા પગાર પંચના સંદર્ભની શરતોમાં કરવામાં આવ્યો હતો. હકીકતમાં, ઘણા કર્મચારી સંગઠનોએ અગાઉ સરકારને પત્ર લખીને ચિંતા વ્યક્ત કરી હતી કે પેન્શનનો ઉલ્લેખ સંદર્ભની શરતોમાં સ્પષ્ટપણે થવો જોઈએ. આ મૂંઝવણ દૂર કરતા નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આઠમા પગાર પંચનો આદેશ ખૂબ વ્યાપક છે. આ કમિશન પગાર અને ભથ્થાં તેમજ પેન્શનની સમીક્ષા કરશે. આનો અર્થ એ છે કે જ્યારે કમિશન તેનો અહેવાલ રજૂ કરશે, ત્યારે તે નિવૃત્ત કર્મચારીઓના પેન્શનમાં વધારો કરવા અને વર્તમાન ફુગાવા અનુસાર તેમને સમાયોજિત કરવા માટે સંપૂર્ણ યોજનાની રૂપરેખા આપશે.પેન્શન મોરચે થોડી રાહત મળી છે, પરંતુ મોંઘવારી ભથ્થા (DA) પર સરકારનું વલણ થોડું કડક દેખાયું છે. કર્મચારીઓને મજબૂત આશા હતી કે જ્યારે DA ૫૦% ને વટાવી જશે, ત્યારે તેને મૂળ પગારમાં મર્જ કરવામાં આવશે. આ માંગ લાંબા સમયથી ચાલી રહી છે અને કર્મચારી સંગઠનોએ દલીલ કરી છે કે ફુગાવો વધતાં મૂળ પગારમાં વધારો થવો જોઈએ. જોકે, સરકારે સંસદમાં આ આશા પર અસ્થાયી રૂપે અંત લાવ્યો છે. નાણા રાજ્ય મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે મોંઘવારી ભથ્થાને મૂળ પગારમાં મર્જ કરવાનો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. આનો અર્થ એ છે કે પગાર ગણતરી માટેનો જૂનો ફોર્મ્યુલા અમલમાં રહેશે અને કર્મચારીઓને આ મોરચે વધુ રાહ જોવી પડી શકે છે. સરકારે એ પણ પુષ્ટિ આપી છે કે આઠમા પગાર પંચની સત્તાવાર રીતે ૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રચના કરવામાં આવી છે. કમિશનના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરવામાં આવી છે અને તેમના સંદર્ભની શરતો (ToR) ની જાણ કરવામાં આવી છે. કમિશન હવે આગામી થોડા મહિનાઓમાં વર્તમાન આર્થિક પરિસ્થિતિ, ફુગાવાના દર અને સરકારી તિજોરીની સ્થિતિનો અભ્યાસ કરશે. તેના આધારે, પગાર માળખા, ભથ્થાં અને પેન્શન પ્રણાલીમાં મોટા ફેરફારો માટે દરખાસ્તો તૈયાર કરવામાં આવશે. આ સમાચાર ચોક્કસપણે કર્મચારીઓ માટે એક સકારાત્મક સંકેત છે કે પ્રક્રિયા હવે કાગળ પરથી વ્યવહારમાં ફેરવાઈ ગઈ છે. આવનારા સમયમાં સરકારી કર્મચારીઓ માટે મોટા આર્થિક ફેરફારો જોવા મળશે.

### ૪૫ દિવસ પહેલા જ ટ્રમ્પે કરાવ્યું હતું સીઝફાયર

## થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે વળી પાછું યુદ્ધ ભડકી ઉઠ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)કંબોડિયા

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે વળી પાછું યુદ્ધ ભડકી ઉઠ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતા બાદ સીઝફાયર થયું હતું પરંતુ આ સીઝફાયર તૂટ્યો અને થાઈલેન્ડે ફરીથી એકવાર કંબોડિયાની સરહદે એરસ્ટ્રાઈક કરી છે. થાઈ સેનાના પ્રવક્તા મેજર જનરલ વિંથાઈ સુવારીએ સોમવારે જણાવ્યું કે થાઈલેન્ડે કંબોડિયા સાથે પોતાની વિવાદિત સરહદ પર હવાઈ હુમલા કર્યા છે. આ અગાઉ બંને દેશોએ એકબીજા પર સીઝફાયરના ભંગનો આરોપ લગાવ્યો.

થાઈ સેનાએ કંબોડિયા બોર્ડર પર F-16 તૈનાત કર્યા છે અને કંબોડિયાની બોર્ડર પર હુમલા કરી રહી છે. થાઈલેન્ડની સેનાએ એક નિવેદનમાં જણાવ્યું કે ઉબોન રત્ચાથાની પ્રાંતના સૌથી પૂર્વી વિસ્તારમાં બે જગ્યાએ થયેલી નવી ઝડપોમાં ઓછામાં ઓછો એક થાઈ સૈનિક માર્યો ગયો અને ચાર ઘાયલ થયા.

આ સીમા વિવાદ જુલાઈમાં પાંચ દિવસના યુદ્ધમાં ફેરવાયો હતો ત્યારબાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને મલેશિયન પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહીમે સીઝફાયર કરાવ્યું હતું. ટ્રમ્પ ઓક્ટોબરમાં કુઆલાલંપુરમાં બંને દેશો વચ્ચે એક મોટા સીઝફાયર સમજૂતિ પર હસ્તાક્ષરના સાક્ષી બન્યા હતા. પરંતુ આ સીઝફાયર બે મહિના પણ ન ચાલ્યો.

થાઈલેન્ડે કંબોડિયા પર ભડકાઉ કાર્યવાહીનો આરોપ લગાવ્યો છે. થાઈલેન્ડના મુખ્ય અખબાર ધ નેશને કહ્યું કે રોયલ થાઈ આર્મીના કમાન્ડરોએ અનેક વિસ્તારોમાં થાઈ-કંબોડિયન સરહદ પર વધતા ઘર્ષણની સૂચના આપી છે. થાઈ સેનાએ નિયમો હેઠળ જવાબ આપ્યો અને નાગરિકોને કાઢવામાં મદદ માટે ઝડપથી પગલાં ભર્યા. રવિવારે (૭ ડિસેમ્બર) સતત લડાઈ બાદ જ્યારે કંબોડિયાના સૈનિકોએ સી સા કેટ પ્રાંતના કંથારલક જિલ્લાના ફૂ ફા લેક પ્લાન હિન પેટ કોન વિસ્તારમાં હુમલો કર્યો.

થાઈ સેનાના પ્રવક્તા મેજર જનરલ વિંથાઈએ કહ્યું કે સોમવારે સવારે ઉબોન રત્ચાથાની પ્રાંતના નામ યુએન જિલ્લાના ચોંગ આન મા વિસ્તારમાં ઝડપ થઈ. કંબોડિયન સૈનિકોએ સવારે લગભગ ૫.૦૫ કલાકે નાના હથિયારો અને ઈનડાયરેક્ટ ફાયર હથિયારોથી ફાયરિંગ શરૂ કર્યું અને ફાયરિંગ ચાલુ રાખ્યું. રોયલ થાઈ એર ફોર્સ (RTAF)ના પ્રવક્તા એર માર્શલ જૈક્રિટ થમ્માવિચઈએ જણાવ્યું કે આ ઓપરેશન સુરાનારી ટાસ્ક ફોર્સની સાથે મળીને કરાયું હતું. આ કંબોડિયન મિલેસ્ટ્રીની એ કાર્યવાહીઓનો જવાબ હતો જેનાથી થાઈલેન્ડની રાષ્ટ્રીય સુરક્ષા, સરહદી વિસ્તારોમાં રહેતા લોકોની સુરક્ષા અને તે વિસ્તારોમાં કામ કરતા થાઈ કર્મીઓને સીધું જોખમ હતું. થાઈલેન્ડની સેનાનો દાવો છે કે કંબોડિયાએ ભારે હથિયારો સરહદે પહોંચાડ્યા હતા અને ફાઈટર યુનિટ્સને બોર્ડર પર તૈનાત કર્યા હતા.

## ૮૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી ઈનોવા કાર, ૬ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)નાસિક

મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં વાણી ગામ નજીક ભવારી ધોધ નજીક ઘાટ વળાંક પર એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જ્યાં એક ઈનોવા કાર ૮૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકતા એક જ પરિવારના છ શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા. શ્રદ્ધાળુઓ સપ્તશ્રૃંગી ગડ માતા સપ્તશ્રૃંગીના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.અહેવાલો અનુસાર, ઘાટ રોડ પર ઓવરટેક કરવાનો પ્રયાસ કરતી વખતે ઈનોવા કાર અચાનક કાબુ ગુમાવી દીધી અને સીધી ખીણમાં ખાબકી હતી. મૃતકોની ઓળખ કીર્તિ પટેલ (૫૦), રસીલા પટેલ (૫૦), વિઠ્ઠલ પટેલ (૬૫), લતા પટેલ (૬૦), પચન પટેલ (૬૦) અને મણિબેન પટેલ (૬૦) તરીકે થઈ છે. બધા પિંપળગાંવ બસવંતના રહેવાસી છે. અકસ્માતની માહિતી મળતાં, પોલીસ, સપ્તશ્રૃંગી ગઢ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ અને ગ્રામ્ય પરિષદના સભ્યો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કાર જ્યાં પડી તે સ્થાન અત્યંત જોખમી અને લગભગ ઊભી, ૮૦૦ ફૂટ ઊંડી છે, જેના કારણે બચાવ ટીમ માટે નીચે ઉતરવું મુશ્કેલ બન્યું છે. મૃતદેહો હજુ સુધી મળી આવ્યા નથી. સ્થાનિકોએ જાહેર બાંધકામ વિભાગ (PWD) પર ગંભીર બેદરકારીનો આરોપ લગાવ્યો છે. તેઓનું કહેવું છે કે, ઘાટના આ વળાંક પરનો રસ્તો ખૂબ જ ખરાબ હાલતમાં હતો અને વારંવાર ફરિયાદો કરવા છતાં તેનું સમારકામ કરવામાં આવ્યું ન હતું. રસ્તાની ખરાબ હાલત આ જીવલેણ અકસ્માતનું મુખ્ય કારણ હતી. નાશિકથી વધારાની બચાવ ટીમો બોલાવવામાં આવી છે, અને કામગીરી ચાલુ છે.

### સ્પીડ લિમિટ ઘટાડીને ૭૫ કિમી પ્રતિ કલાક

## યમુના એક્સપ્રેસવે પર હવે સ્પીડ લિમિટ ઘટાડશે સરકાર

### ૧૫ ડિસેમ્બરથી ગતિ મર્યાદા ઘટાડવા માટેનો નિર્ણય, ડ્રાઈવરોએ નિર્ધારિત ગતિ મર્યાદામાં વાહન ચલાવવું પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

યમુના એક્સપ્રેસવે અને નોઈડા-ગ્રેટર નોઈડા એક્સપ્રેસવે પર વધુ ઝડપે મુસાફરી કરતા વાહનચાલકો માટે એક મોટો ફેરફાર આવી રહ્યો છે. સરકારે ૧૫ ડિસેમ્બરથી એક્સપ્રેસવે પર ગતિ મર્યાદા ઘટાડવાનો નિર્ણય લીધો છે. નવા નિયમો લાગુ થતાં ડ્રાઈવરોએ હવે નિર્ધારિત ગતિ મર્યાદામાં વાહન ચલાવવું પડશે, નહીં તો ભારે દંડનો સામનો કરવો પડશે. જનસત્તાના એક અહેવાલ મુજબ, સરકારનો આ નિર્ણય શિયાળામાં ખરાબ વિઝિબિલિટી અને લપસણા રોડ હોવાના કારણે દુર્ઘટનાઓ રોકવા માટે લેવામાં આવ્ય છે. અહેવાલ મુજબ, હળવા વાહનો માટે ગતિ મર્યાદા ૧૦૦ કિમી પ્રતિ કલાકથી ઘટાડીને ૭૫ કિમી પ્રતિ કલાક કરવામાં આવશે. તેવી જ રીતે, ભારે વાહનો માટે ગતિ મર્યાદા યમુના એક્સપ્રેસવે પર ૬૦ કિમી પ્રતિ કલાક અને નોઈડા-ગ્રેટર નોઈડા



એક્સપ્રેસવે પર ૫૦ કિમી પ્રતિ કલાક કરવામાં આવશે. આ ગતિ મર્યાદા સામાન્ય રીતે ૧૫ ડિસેમ્બરથી શરૂ થતા આગામી બે મહિના સુધી અમલમાં રહેશે. તેથી, અકસ્માતો અટકાવવા માટે આ એક્સપ્રેસવે પર સાવધાનીપૂર્વક વાહન ચલાવવાની સલાહ આપવામાં આવે છે. પોલીસ વહીવટીતંત્રે કોમર્શિયલ વાહનોને ચોક્કસ સૂચનાઓ જારી કરી છે, જેમાં તેમને નવી ગતિ મર્યાદાનું કડક પાલન કરવાનું કહેવામાં આવ્યું છે. અન્યથા, કડક કાર્યવાહી થઈ શકે છે. ઉલ્લંઘન કરવાથી વાહન જપ્ત પણ થઈ શકે છે. કોમર્શિયલ વાહનોને રિફ્લેક્ટર લગાવવાની પણ સૂચના આપવામાં આવી છે. રિફ્લેક્ટર વગરના વાહનોને એક્સપ્રેસવેમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વહીવટીતંત્રે જણાવ્યું છે કે નવી ગતિ મર્યાદા જાહેર નકશા અને સાઈનબોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવશે જેથી ડ્રાઈવરો અગાઉથી તેની જાણ થઈ શકે. પોલીસ એક્સપ્રેસવે પર સલામતી વધારવા માટે અન્ય ઘણા પગલાં પણ લેશે. નોઈડા ટ્રાફિકના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ડૉ. પ્રવીણ રંજન સિંહે જણાવ્યું હતું કે, "પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે નોઈડા ઓથોરિટી સાથે ટૂંક સમયમાં એક બેઠક યોજાશે અને ગતિ મર્યાદા ઘટાડવામાં આવશે. બદલાયેલ મર્યાદા ગૂગલ મેપ્સ પર પણ દેખાશે, જે નવેમ્બરમાં શરૂ કરાયેલી પહેલ છે, જે રોડ સેફ્ટી મહિનો હતો."

યમુના એક્સપ્રેસવે ટોલ ઓપરેશન્સના સિનિયર મેનેજર જેકે શર્માએ જણાવ્યું હતું કે ટોલ પ્લાઝા સ્ટાફ પબ્લિક એડ્રેસ સિસ્ટમ દ્વારા સલામતી સલાહ આપી રહ્યા છે. શર્માએ કહ્યું, "અમે પેમ્ફલેટનું વિતરણ કરી રહ્યા છીએ. દૃશ્યતા સુધારવા માટે કોમર્શિયલ વાહનો પર રિફ્લેક્ટિવ ટેપનો ઉપયોગ કરી રહ્યા છીએ." શર્માએ વધુમાં જણાવ્યું હતું કે જેવર, મથુરા અને આગ્રા ટોલ પ્લાઝા પર સ્ટાફ ડ્રાઈવરોને ટ્રાફિક નિયમોથી વાકેફ કરી રહ્યા છે.

## અંતરિક્ષમાં ભારત-રશિયાની મિત્રતા એક ઓર્બિટમાં બન્નેના સ્પેસ સ્ટેશનો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (આઈએસએસ)ની સફર વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં ખતમ થવા જઈ રહી છે. જે બાદ રશિયા અને ભારત ભવિષ્યના પોતાના અંતરિક્ષ સ્ટેશનોંને એક જ ઓર્બિટમાં સ્થાપિત કરશે. એટલે કે જળ, જમીન, આકાશ અને હવે અંતરિક્ષમાં પણ ભારત અને રશિયાની મિત્રતા જોવા મળશે. એક જ ઓર્બિટ ક્ષેત્રમાં ભારત અને રશિયા બન્નેના અંતરિક્ષ સ્ટેશનો સંચાલિત કરવાની જાહેરાત રશિયાની અંતરિક્ષ એજન્સી રોસ્કોસ્મોસના પ્રમુખ દમિત્રી બકાનોવે દિલ્હીની મુલાકાત દરમિયાન કરી હતી. તેઓ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની સાથે ભારતની મુલાકાતે આવ્યા હતા. બન્ને સ્ટેશનો ૫૧.૬ ડિગ્રી ઝૂકાવ વાળી કક્ષા કે ઓર્બિટમાં ચક્કર લગાવશે. આ એ જ ક્ષેત્ર કે ઓર્બિટ છે કે જ્યાં આઈએસએસ એટલે કે આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન ફરે છે. બન્ને દેશોના અંતરિક્ષ સ્ટેશનોને એક જ ઓર્બિટમાં સ્થાપિત કરવાથી એક મોટો ફાયદો એ થશે કે બન્ને દેશોના અંતરિક્ષ યાત્રી સરળતાથી એકબીજાના સ્ટેશનો પર આવ જા કરી શકશે. સાથે મળીને વૈજ્ઞાનિક પ્રયોગો કરી શકશે. એટલુ જ નહીં ઈમર્જન્સીની સ્થિતિમાં પણ એકબીજાને મદદરૂપ થશે. રશિયન સ્પેસ સેંટર એનર્જિયા દ્વારા આ સ્ટેશન વિકસિત કરાશે. જે ૨૦૨૮માં લોંચ કરવામાં આવી શકે છે જ્યારે ભારતનું બીએએસ ઈસરો દ્વારા વર્ષ ૨૦૩૫ સુધી પૂર્ણ કરવાની શક્યતા છે.




# તંત્રી લેખ......

## કેસોનો બેકલોગ વધી રહ્યો છે, સમયસર ન્યાય મળે તેની કોઈ ગેરંટી નથી

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ, ન્યાયાધીશ સૂર્યકાન્તે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ સામાન્ય માણસ માટે છે અને તેમની પહેલી પ્રાથમિકતા પેન્ડિંગ કેસોનો ઉકેલ લાવવાની અને મુકદ્દમાનો ખર્ચ ઘટાડવાની છે, તે વાતને અવગણી શકાય નહીં, પરંતુ લાંબા સમયથી એક પછી એક ન્યાયાધીશ એક જ વાત કહી રહ્યા છે, છતાં પરિણામ કંઈ નથી. આજની કઠોર વાસ્તવિકતા એ છે કે સુપ્રીમ કોર્ટ સામાન્ય માણસની પહોંચની બહાર બની રહી છે. વકીલોની ઊંચી ફી અને કેસ મુલતવી રાખવામાં સતત વિલંબને કારણે, સામાન્ય માણસ માટે સુનાવણી માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાની હિંમત એકઠી કરવી મુશ્કેલ છે. જો તે કોઈક રીતે તેમ કરવામાં સફળ થાય તો પણ સમયસર ન્યાયની કોઈ ગેરંટી નથી. એ હકીકત છે કે, નીચલી અદાલતો અને ઉચ્ચ અદાલતોની જેમ, સુપ્રીમ કોર્ટમાં પણ પેન્ડિંગ કેસોની સંખ્યા વધી રહી છે. દેશના લોકો સારી રીતે જાણે છે કે થોડા ઉચ્ચ પ્રોફાઈલ વકીલો માટે બધું કેવી રીતે સરળ છે. કોણ જાણે છે કે તેમના કેસોને કેવી રીતે પ્રાથમિકતા આપવામાં આવે છે? આ પહેલી વાર નથી જ્યારે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશે સમયસર ન્યાય, બેકલોગ ઘટાડવા અને મુકદ્દમાના ખર્ચ ઘટાડવા માટે પગલાં લેવાનું વચન આપ્યું હોય. આ વલણ દાયકાઓથી ચાલુ છે. દરેક નવા મુખ્ય ન્યાયાધીશ ન્યાયિક પ્રણાલીમાં આમૂલ સુધારાઓનું વચન આપે છે, પરંતુ અત્યાર સુધીનો અનુભવ દર્શાવે છે કે કોઈ મૂળભૂત પરિવર્તન આવ્યું નથી. પરિણામે, લોકો વધુને વધુ હતાશ થઈ રહ્યા છે.તેઓ ભાગ્યે જ કોર્ટનો સંપર્ક કરે છે. એ સમજવું જોઈએ કે ફક્ત ન્યાયિક પ્રણાલીમાં સુધારા વિશે વાત કરવાથી આ પ્રાપ્ત થશે નહીં. ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ ડગમગે તે પહેલાં, ન્યાયિક પ્રણાલીમાં સુધારા માટે નક્કર પગલાં લેવા જોઈએ. આ પણ જરૂરી છે કારણ કે દેશનો વિકાસ મોટાભાગે તેની સરળ ન્યાયિક પ્રણાલી પર આધાર રાખે છે. જે દેશમાં સમયસર ન્યાય મળતો નથી, ત્યાં માત્ર વિવાદો જ વધતા નથી, પરંતુ વિકાસ કાર્ય પણ અવરોધાય છે અને સિસ્ટમ પ્રત્યે અસંતોષ વધે છે. આનાથી નિયમો અને નિયમોનો અનાદર કરવાની વૃત્તિ થાય છે. સમસ્યા ફક્ત ન્યાયતંત્ર સ્તરે જ નહીં, પણ કારોબારી સ્તરે પણ છે. છેવટે, એ હકીકત છે કે સરકારો પોતાના લોકો સાથે મુકદ્દમામાં ફસાયેલી છે. જો સરકાર અને સુપ્રીમ કોર્ટ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સાથે આવે તો તે વધુ સારું રહેશે. વિલંબ અસ્વીકાર્ય છે, કારણ કે પહેલાથી જ ઘણું મોડું થઈ ગયું છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: કોટનના વાયદામાં રૂ.૯૨૦નો ઉછાળો: મેન્થા તેલ, એલચીમાં સુધારો: સોના-ચાંદીના વાયદામાં નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૭૧૭.૨૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૯૯૮૫.૪૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૨૪૦.૩૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૧૩૦૫ પોઈન્ટના સ્તરે


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૪૭૦૭.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૭૧૭.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૯૯૮૫.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૩૦૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૨૦.૦૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૨૪૦.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૦૪૩૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૦૭૬૪ અને નીચામાં રૂ.૧૩૦૨૩૩ના મથાળે અથડાઈ, રૂ.૧૩૦૪૬૨ના આગલા બંધ સામે રૂ.૧૬૨ ઘટી રૂ.૧૩૦૩૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૫ વધી રૂ.૧૦૪૩૮૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮ વધી રૂ.૧૩૦૭૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯ ઘટી રૂ.૧૨૯૦૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૪૯૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૯૮૬૩ અને નીચામાં રૂ.૧૨૯૨૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૯૫૪૦ના આગલા બંધ સામે રૂ.૧૫૯ ઘટી રૂ.૧૨૯૩૮૧ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૮૧૯૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૮૩૨૯૫ અને નીચામાં રૂ.૧૮૦૯૭૪ના મથાળે અથડાઈ, રૂ.૧૮૩૪૦૮ના આગલા બંધ સામે રૂ.૬૧૮ ઘટી રૂ.૧૮૨૭૯૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪૭૩ ઘટી રૂ.૧૮૩૪૮૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૪૭૯ ઘટી રૂ.૧૮૩૪૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૬૪૦.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૩.૫૫ વધી રૂ.૧૦૯૬.૯ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૨.૨૫ વધી રૂ.૩૧૨.૮૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૩૫ પૈસા વધી રૂ.૨૭૯.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૧૮૨.૮૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૭૨૮.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૭૪ અને નીચામાં રૂ.૩૮૩૪ના સ્તરને સ્પર્શી, રૂ.૨૬૦ ઘટી રૂ.૩૮૬૬ થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૪૨૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૪૯ અને નીચામાં રૂ.૫૩૭૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪૨૭ના આગલા બંધ સામે રૂ.૪૭ ઘટી રૂ.૫૩૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૪૬ ઘટી રૂ.૫૩૮૦ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨૭.૮ ઘટી રૂ.૪૬૦.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૨૭.૯ ઘટી રૂ.૪૬૦.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૦૬.૨ના ભાવે ખૂલી, રૂ.૨.૯ વધી રૂ.૯૦૬.૯ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૯૨૦ વધી રૂ.૨૫૨૫૦ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૧ના ભાવે ખૂલી, રૂ.૧૦ વધી રૂ.૨૬૩૦ થયો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૭૧૦.૮૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૨૯.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૧૬૧.૬૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૬.૯૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯.૬૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૧.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૮.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪૭.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૧૬૨.૦૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૭૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૩૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૩૨૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૬૪૨૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૪૩૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૦૯૩૩૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૧૧૬૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૦૬૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૨૦૮૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૫૨૧૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૬૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૫૭૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૯૩૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૧૦૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૧૪૦૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૧૧૦૨ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૪૫ પોઈન્ટ ઘટી ૩૧૩૦૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૨ વધી રૂ.૧૨૪.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૭૫ ઘટી રૂ.૨૩.૨ના ભાવે બોલાયો હતો. સોનું ડિસેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૧.૫ ઘટી રૂ.૯૪૨ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૮૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૨૨.૫ ઘટી રૂ.૫૦૬૦ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૮ પૈસા વધી રૂ.૨૧.૬ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૮ ઘટી રૂ.૨.૫૬ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર રૂ.૫૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૭૫ વધી રૂ.૧૦૦.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૪૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૮ ઘટી રૂ.૨૩.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯.૫ ઘટી રૂ.૨૦૧૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૧૮૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૪૮.૫ ઘટી રૂ.૫૪૨૩ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૭.૧ ઘટી રૂ.૯૦.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૬ વધી રૂ.૨૦.૨ના ભાવે બોલાયો હતો.

આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૭૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦.૫ વધી રૂ.૩૦૫૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭ પૈસા ઘટી રૂ.૨૧.૧૬ થયો હતો. જસત ડિસેમ્બર રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૩ પૈસા ઘટી રૂ.૦.૨૮ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર રૂ.૫૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૭.૦૫ ઘટી રૂ.૭૨.૧૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૪૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૬.૯ વધી રૂ.૨૫.૪ થયો હતો. સોનું-મિની ડિસેમ્બર રૂ.૧૨૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦.૫ ઘટી રૂ.૨૧૯૬ થયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૪ વધી રૂ.૪૯૭૬.૫ના ભાવે બોલાયો હતો.

# ભારતે શાંઘાઈમાં અદ્યતન કોન્સ્યુલેટ કચેરીનું ઉદઘાટન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજિંગ

ભારતે રવિવારે ચીનના મહાકાય શહેર શાઘાંઈ ખાતે અદ્યતન અને આધુનિક સુવિધાઓ ધરાવતી કોન્સ્યુલેટ કચેરીનું ઉદઘાટન કર્યું હતું જે ચીનના મુખ્ય બિઝનેસ કેન્દ્ર ખાતે છેલ્લાં ૩૨ વર્ષમાં તેનું સૌ પ્રથમ રિલોકેશન છે.

શાંઘાઈ ખાતે ભારતે કોન્સ્યુલેટ કચેરી શરૂ કરી તે બાબત ચીનના પૂર્વ ક્ષેત્રમાં વધી રહેલા વેપારીઓ અને ઉદ્યોગપતિઓના એક વિશાળ સમુદાયનું એક પ્રતીક છે. ચીનનું યુવી શહેર પણ એક મોટું બિઝનેસ કેન્દ્ર ગણાય છે અને આ શહેરમાં પણ ભારતના વેપારીઓ અને ઉદ્યોગપતિઓની મોટી સંખ્યામાં હાજરી છે. શાંઘાઈના ડાઉનટાઉન ગણાતા ચેંગનિંગ વિસ્તાર સ્થિત ડોનિંગ સેન્ટર ખાતે બંધાયેલી આ કોન્સ્યુલેટ કચેરી ૧૪૩૬.૬૩ ચો. મીટરમાં પથરાયેલી છે જે અગાઉની કચેરી કરતા બે ગણી મોટી ગણાય છે. ભારતના ચીન ખાતેના એલચી પ્રદીપ કુમાર રાવતે આ કોન્સ્યુલેટ કચેરીનું અદઘાટન કર્યું હતું. આગામી ૮ ડિસેમ્બરથી કચેરી સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે એમ કચેરી તરફથી બહાર પડાયેલી એક અખબારી યાદીમાં કહેવામાં આવ્યું હતું.૧૯૯૨થી સૌ પ્રથમવાર શરૂ કરાયેલી આ કોન્સ્યુલેટ કચેરીના મહત્વ ઉપર ભાર મૂકતા રાવતે કહ્યું હતું કે આ વર્ષ ભારત માટે વિશેષ વર્ષ બની રહ્યું છે, કેમ કે આ વર્ષે ભારત અને ચીને તેઓની વચ્ચેના ૭૫ વર્ષના દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધોની ઉજવણી કરી હતી.

# ટૂંક સમયમાં રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થાય તેવા અણસાર

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નિમેલા અને સેવાનિવૃત્ત થઈ રહેલા યુક્રેનના વિશેષ દૂત કીથ કેલોગે કહ્યું છે કે યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા એક સમજૂતિ ખૂબ નજીકના સમયમાં થશે.કેલોગના કહેવા મુજબ, હજુ બે મોટા મુદ્દાઓનો ઉકેલ લાવવાનો બાકી છે. આ બંને મુદ્દામાં - પ્રથમ ડોનબાસનું ભવિષ્ય અને યુરોપના સૌથી મોટા જોપોરિજિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટનું ભવિષ્ય(જે હાલ રશિયાના કબજામાં) છે. જો અમે આ બંને મુદ્દાઓનો ઉકેલ લાવી શકીશું તો મને સંપૂર્ણ ભરોસો છે કે બાકીની તમામ બાબતો (મુદ્દાઓ)નો ઉકેલ આવી જશે. અમે ખરેખર યુદ્ધ સમાપ્ત કરવાની નજીક પહોંચી ગયા છીએ. ઉલ્લેખનીય છે કે, ગત મહિને અમેરિકાનો ૨૮ પોઈન્ટનો આરંભનો શાંતિ પ્રસ્તાવ લીક થઈ ગયો હતો, જેના કારણે યુરોપના અધિકારીઓમાં ભારે મૂંઝવણ પેદા થઈ હતી. યુરોપના દેશોનું કહેવું હતું કે આ શાંતિ પ્રસ્તાવ મોસ્કોની મુખ્ય માગણીઓમાં - નાટોમાં યુક્રેના સભ્યપદ પર રોક, યુક્રેનના લગભગ પાંચમા ભાગ પર રશિયાના કબજાને માન્યતા અને યુક્રેની સેના આકાર અને હથિયારો પર સખત પ્રતિબંધ સામેલ છે, જે દર્શાવે છે કે લગભગ રશિયાની સામે ઝુકી ગયા છે. જોકે, હજુ સુધી શાંતિ પ્રસ્તાવની નક્કર વિગતો જાહેર કરાઈ નથી. લીક થયેલા આરંભના અમેરિકાના ડ્રાફ્ટ અનુસાર, જોપોરિજિયા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ(જેના તમામ રિએક્ટર હાલ બંધ છે)ને આઈએઈએની દેખરેખમાં ફરી ચાલુ કરાશે અને આ પ્લાન્ટમાં પેદા થનારી વીજળીને રશિયા અને યુક્રેનની વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે. વર્તમાનમાં રશિયા યુક્રેનના કુલ ક્ષેત્રફળનો ૧૯.૨ ટકા ભાગ પર કબજો ધરાવે છે. જેમાં ૨૦૧૪માં કબજામાં લીધેલું ક્રીમિયા, આખું લુહાન્સ્ક, દોનેત્સ્કનો ૮૦ ટકાથી વધુ હિસ્સો છે.

# છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૧ લાખથી વધુ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને અંદાજે રૂ.૨,૪૦૦ કરોડની શિષ્યવૃત્તિ સહાય: આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલ

## 'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના' હેઠળ મેડિકલ, પેરામેડિકલ, ઈજનેરી સહિતના મહત્વપૂર્ણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે સહાય



અનુસૂચિત જનજાતિ-STના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાની કારકિર્દીનું ઉત્તમ ઘડતર કરી શકે તે હેતુસર કેન્દ્ર સરકાર દ્વારા આ વિધાર્થીઓ માટે 'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના' કાર્યરત કરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ સુધી છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૨૪૭૦.૫૭ કરોડની શિષ્યવૃત્તિ સહાયનો લાભ આપવામાં આવ્યો છે, તેમ આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલે ગાંધીનગર ખાતે મીડિયાને વિગતો આપતાં જણાવ્યું હતું.

રાજ્ય મંત્રી સર્વે શ્રી રમેશ કટારા, શ્રી પી.સી.બરંડા અને ડૉ. જયરામ ગામીતની ઉપસ્થિતિમાં આયોજિત આ પ્રેસ કોન્ફરન્સમાં આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, આ યોજના હેઠળ રાજ્યમાં ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓનલાઈન પોર્ટલ પર મળેલી અરજીઓ તેમજ અગાઉની પડતર અરજીઓ પૈકી ૧.૧૩ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓને રૂ. ૪૬૦ કરોડની સહાય આપવામાં આવશે. આ સહાય વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધા DBT મારફત જમા કરવામાં આવશે. આ શિષ્યવૃત્તિમાં ઉચ્ચ અભ્યાક્રમ હેઠળ મેડિકલ, પેરામેડિકલ, ઈજનેરી, સ્નાતક કક્ષામાં આર્ટસ, કોમર્સ તથા સાયન્સ તેમજ શિક્ષણ કક્ષાના બી.એડ. અને એમ.એડ જેવા મહત્વપૂર્ણ અભ્યાસક્રમનો સમાવેશ થાય છે. આદિજાતિ વિકાસ મંત્રી શ્રી પટેલે કહ્યું હતું કે, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના વિવિધ શૈક્ષણિક વિકાસ માટેની યોજનાઓનો સુપેરે અમલ કરવામાં આવી રહ્યો છે. 'પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના' હેઠળ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને એસ.એસ.સી પછીના ઉચ્ચ અભ્યાસ માટે ગૃપ–૧થી ૪માં વિભાજીત કર્યા મુજબના અભ્યાસક્રમો માટે દર માસે શિષ્યવૃત્તિ અને અભ્યાસક્રમ માટે નિયત કરેલ શિક્ષણ ફીની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર ૭૫ ટકા અને રાજ્ય સરકાર દ્વારા ૨૫ ટકા મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. શિક્ષણ એ આદિજાતિ સહિત તમામ સમુદાયના સામાજિક-આર્થિક ઉન્નતિનું સૌથી શક્તિશાળી સાધન છે. તેથી આવનારા સમયમાં પણ યોજનાને વધુ મજબૂત બનાવવા, વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા અને શૈક્ષણિક ક્ષેત્રમાં સમાન તક ઉપલબ્ધ કરાવવા માટે સરકાર સતત પ્રયાસશીલ રહેશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. - જીગર બારોટ


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક


# SIR ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન: ૫.૦૮ કરોડ ફોર્મ પૈકી ૭૪ લાખથી વધુ અનકલેક્ટેડ ફોર્મના વેરિફીકેશન માટે બેઠકોની શૃંખલા

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશનો ગણતરીનો તબક્કો તા.૧૧ ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. પરંતુ તે પહેલા જ BLO સ્તરથી લઈને CEO કચેરી સુધીના સમગ્ર ચૂંટણી સ્ટાફની મહેનત રંગ લાવી છે, જેના પરિણામે ગણતરીના તબક્કાની ૯૯.૭૬ % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

મતદારોની ગણતરીના તબક્કા દરમિયાન ઘરે-ઘરે જઈને ગણતરી ફોર્મના વિતરણથી લઈને તેના ડિજીટાઈઝેશનની કામગીરી સુપેરે કરવામાં આવી છે. SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં ૫.૦૮ કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ ૭૪ લાખથી વધુ ગણતરી ફોર્મ્સ અનકલેક્ટેડ રહ્યાં. આ નાગરિકોના અવસાન, કાયમી સ્થળાંતર, ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બેઠકોની શૃંખલા યોજવામાં આવી રહી છે. તા. ૭, ૮ અને ૯ ડિસેમ્બર એમ ત્રણ દિવસ દરમિયાન બૂથ લેવલ ઓફિસર અને માન્ય રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવી ૩૭,૦૦૦થી વધુ બેઠકો સંપન્ન થઈ ચૂકી છે. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી રહી છે. તથા આગામી દિવસોમાં મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ પર પણ પ્રકાશિત કરાશે.

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

## મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં GRITની ગવર્નિંગ બોડીની બીજી બેઠક સંપન્ન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન- GRITની બીજી ગવર્નિંગ બોડીના અધ્યક્ષસ્થાનેથી સ્પષ્ટપણે જણાવ્યું કે, GRIT વિકસિત ગુજરાત@૨૦૪૭ અને ગુજરાત@૨૦૩૫નો રોડ મેપ સાકાર કરવામાં મહત્વપુર્ણ ભૂમિકા નિભાવશે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, GRIT દ્વારા વિભાગોના અને વિવિધ યોજનાઓના રોજબરોજના કામોના ડેટા ઉપલબ્ધ થઈ ગયા છે. તેના અસરકારક અમલીકરણ અને કામોને વધુ ગતિ આપવા આ ડેટા મહત્વપૂર્ણ બનશે. આના પરિણામે વિકસિત ગુજરાત@ ૨૦૪૭ ગુજરાત@૨૦૩૫ માટે જે વિભાગો પર વધુ ફોકસ કરવાની જરૂરિયાત છે. તે જાણીને એ દિશામાં આગળ વધી શકાશે.

વિકસિત ગુજરાત @ ૨૦૪૭ ના નિર્માણ માટે ભવિષ્યલક્ષી વિકાસ આયોજનમાં થિંક ટેક તરીકે માર્ગદર્શન માટે GRITની રચના કરવામાં આવેલી છે. તેની બીજી ગવર્નિંગ બોડીની બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બેઠક પહેલાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં વિકસિત ગુજરાત સ્ટ્રેટેજી રૂમનું લોકાર્પણ GRITની કચેરીમાં કર્યું હતું.

આ સ્ટ્રેટેજી રૂમમાં વિકસિત ગુજરાત @૨૦૪૭ના લક્ષ્યોની પ્રાપ્તિ માટેની થઈ રહેલ વિવિધ કામગીરીઓ અને પ્રગતિનું એનાલિસિસ તથા યોજનાઓના અમલીકરણનું મૂલ્યાંકન અને કી પરફોર્મન્સ ઈન્ડિકેટર – કે.પી.આઈ. ડેટા ટ્રેકિંગ સહિતની બહુવિધ કામગીરી હાથ ધરાશે. મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીઓએ સ્ટ્રેટેજી રૂમમાં ઉપલબ્ધ ડિજિટલ ડેશ બોર્ડ, લાઈબ્રેરી, પોડકાસ્ટ એરિયા તથા સંશોધન અને વિશ્લેષણની ઉપલબ્ધ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આયોજન પ્રભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા રાજ્યના જિલ્લાઓના ડિસ્ટ્રિક્ટ ડોમેસ્ટિક પ્રોડક્ટ એસ્ટીમેટ્સનું વિમોચન પણ કર્યું હતું. આયોજન પ્રભાગે કરેલી આ નવતર પહેલથી હવે, બધા જ ઈન્ડિકેટર્સમાં ઈફેક્ટિવ લોકલ ડેવલપમેન્ટ પ્લાનિંગ તથા ઈક્લુઝિવ અને સસ્ટેનેબલ ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ માટે પોલિસી મેકર્સને વધુ સરળતા રહેશે.

GRITના સી.ઈ.ઓ. શ્રી એસ. અપર્ણાએ આ બેઠકમાં વિસ્તૃત પ્રેઝન્ટેશન દ્વારા GRITની રચના, ૨૦૨૫ના વર્ષમાં હાથ ધરાયેલા કામો, વિવિધ આયોજનો - વિકાસ કામોના અસરકારક અમલ માટેના સૂચનો તથા આગામી ૨૦૨૬ ના વર્ષના આયોજન પ્રસ્તુત કર્યા હતા. તેમણે ૨૦૪૭ સુધીમાં રાજ્યની ઈકોનોમીને ૪ ટ્રીલીયન ડોલર પહોંચાડવા તથા ૨૮૦ લાખ નવી રોજગારી સર્જન માટે રિજીયોનલ ઈકોનોમિક માસ્ટર પ્લાનની તૈયારીઓના આયોજનની વિગતો આપી હતી.

આ ઉપરાંત એજ્યુકેશન, ફિશરીઝ, પોસ્ટ હાર્વેસ્ટિંગ મેનેજમેન્ટ, બ્લુ સ્કાય પોલિસી, ગ્રીન મેન્યુફેક્ચરિંગ અને સ્પાટિયલ કોમ્પ્યુટિંગ જેવા વિષયો પર રીવ્યુઝ, પોલીસી પેપર્સ, અભ્યાસ અને વર્કશોપના ૧૯ પ્રકાશનો તથા ટાસ્કફોર્સ કમિટીના ૩ અમલીકરણ સમીક્ષા અહેવાલોની ભલામણોના તારણો અને ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ ગુજરાત@૨૦૩૫ માટે સ્ટેટ એજન્ડા તૈયાર કરવામાં પણ ગ્રીટની ભૂમિકા સહિતની સંપુર્ણ વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રચના થયાના ૧૫ મહિનાના ટૂંકા સમયમાં જ GRIT ભવિષ્યલક્ષી થિંક ટેક તરીકે ઉભરી આવ્યું છે તે માટે યુવા અને ઉત્સાહી ટીમની પ્રસંશા કરી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ GRITના આ ડેટાની વિગતોનું ઈન્ટિગ્રેશન કરીને આગામી બજેટ તૈયાર કરવામાં વિભાગો ઉપયોગમાં લઈ શકે તેવો સુજાવ આપ્યો હતો.

FAO અને ભારત સરકારની ભાગીદારી ગુજરાતને રાષ્ટ્રીય ઈકોનોમી મોડલ તરીકે આગળ ધપાવશે

## AI, 5G અને સસ્ટેનેબિલિટી આધારિત નવી પેઢીના માછીમારી બંદરો રાજ્યને વૈશ્વિક દરિયાઈ હબ તરીકે વિકસિત કરશે

### વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) કચ્છ–સૌરાષ્ટ્ર ગુજરાતની સ્માર્ટ બ્લુ રિવોલ્યુશન ક્ષમતાને રજૂ કરશે



આધુનિક યુગના માછીમારી બંદરો હવે માત્ર નૌકાઓના અવરજવર માટેના સ્થિર માળખા નથી. તેઓ દરિયાઈ આજીવિકા, નિકાસ, સમુદાય સમૃદ્ધિ અને રાજ્યના બ્લુ ઈકોનોમીને મજબૂત બનાવી રહ્યા છે. ગુજરાત સ્માર્ટ, ટકાઉ અને સામાજિક રીતે સમાવિષ્ટ ''બ્લુ હાર્બર્સ''ના વિકાસમાં દેશને માર્ગદર્શન આપી રહ્યું છે, જેના દ્વારા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મજબૂત બનશે અને વૈશ્વિક સીફૂડ બજારમાં ભારતનું નેતૃત્વ પ્રબળ થશે.

ભારત સરકારે દરિયાકાંઠા આધારિત વિકાસને ગતિ આપવા માટે મહત્વપૂર્ણ ઐતિહાસિક પગલું ભર્યું છે. મત્સ્યઉદ્યોગ વિભાગ (DoF), મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય (MoFAHD) અને યુનાઈટેડ નેશન્સના FAO વચ્ચે નવી વ્યૂહાત્મક ભાગીદારીના હસ્તાક્ષર સાથે ટેકનિકલ સહકાર કાર્યક્રમ (TCP) શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ ગુજરાતના જખૌ, દીવના વણકબારા અને પુડુચેરીના કરાઈકલ ખાતે વિશ્વ-સ્તરીય બ્લુ હાર્બર્સનું પાયલોટિંગ કરવામાં આવશે. આ મોડલ સમગ્ર દેશમાં ટકાઉ, સ્માર્ટ અને આવનારી પેઢી માટે અનુકૂળ મત્સ્યઉદ્યોગ વિકાસનું માર્ગદર્શન કરશે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) હેઠળ INR ૪૫૨.૩૨ કરોડના કુલ રોકાણ સાથે ભારત સરકારે સ્માર્ટ અને સંકલિત મત્સ્યઉદ્યોગ માળખા વિકાસની પ્રક્રિયાને વેગ આપ્યો છે.

ગુજરાતના પશ્ચિમ દરિયાકિનારા પર કચ્છ જિલ્લામાં સ્થિત જખૌ બંદર, રાજ્યના સૌથી મહત્વપૂર્ણ મત્સ્યઉદ્યોગ કેન્દ્રોમાંનું એક છે જેનું સંચાલન મત્સ્યઉદ્યોગ કમિશનર (COF) દ્વારા કરવામાં આવે છે. અહીં માછલી ઉતરાણથી લઈને જહાજોના મરામત, સંગ્રહ પ્રણાલીઓ અને જુદી જુદી જેટી સુવિધાઓ સુધીનું આધુનિક માળખું વિકસાવવામાં આવ્યું છે. ''બ્લુ રિવોલ્યુશન'' પહેલ હેઠળ જખૌ બંદરના આધુનિકીકરણથી દરિયાઈ કાર્યક્ષમતા વધશે અને રાજ્યના બ્લુ ડેવલોપમેન્ટ વિઝનને વધુ મજબૂતી મળશે. ગુજરાતની દરિયાકાંઠા પ્રગતિ અને દરિયાઈ ઉદ્યોગોને વૈશ્વિક મંચ પર રજૂ કરવા માટે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવી બીજી આવૃત્તિ જાન્યુઆરી ૨૦૨૬ના બીજા અઠવાડિયામાં રાજકોટમાં યોજાશે, જેમાં કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશોની દરિયાકાંઠા શક્તિ અને માછીમારી કેન્દ્રિત સંભાવનાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

VGRC નીતિનિર્માતાઓ, ઉદ્યોગ ક્ષેત્રના આગેવાનો, ટેકનોલોજી નિષ્ણાતો અને મુખ્ય હિસ્સેદારોને એક મંચ પર લાવશે, જ્યાં દરિયાઈ અને મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં ઊભરતી AI-આધારિત સોલ્યુશન્સ, 5G આધારિત મોનિટરિંગ સિસ્ટમો, સસ્ટેનેબલ ફિશિંગ, વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ અને નવા રોકાણ પર વિચારવિમર્શ થશે. પરિષદ ભારતના બ્લુ ઈકોનોમીને આગળ ધપાવવામાં ગુજરાતની મુખ્ય ભૂમિકાને પણ પ્રકાશિત કરશે.

## મનસુખ વસાવાના ભ્રષ્ટાચારના આરોપ બાદ ચૈતર વસાવાનો વળતો પ્રહાર કહ્યુ યોજનાઓની સહાય ચુકવવા માટે ગ્રાન્ટ નથી અને તોડની વાતો કરો છો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં હાલ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ગઈ કાલે ભરૂચના સાંસદ મનસુખ વસાવા દ્વારા ચૈતર વસાવા પર ભ્રષ્ટાચારના આરોપો લગાવવામાં આવ્યા હતા. અને આજે ધારાસભ્ય ચૈતર વસાવા ફરી મેદાને આવ્યા છે અને મનસુખ વસાવાના આક્ષેપો પર વળતો પ્રહાર કર્યો છે અને ભ્રષ્ટાચારના આરોપો પર મનસુખ વસાવાને અરીસો બતાવ્યો છે.




ચૈતર વસાવાએ મનસુખ વસાવાને જવાબ આપતા કહ્યુ હતુ કે આદિવાસી વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીકની ગ્રાન્ટ ન હોવાનુ કારણ દર્શાવીને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી ન હતી, અતિકુપોષણથી પીડાતા બાળકો માટે પણ સરકાર પાસે ગ્રાન્ટ નથી, સીકલ સેલથી પીડાતા આદિવાસી વિસ્તારના લોકો માટે સબસીડીની યોજના હતી પરંતુ માર્ચ થી આજદીન સુધી કોઈને સહાય ચુકવવામાં આવી નથી. માત્ર જણાવવામાં આવે છે કે ગ્રાન્ટ નથી, પ્રધાનમંત્રીના કાર્યક્રમોમાં કરોડો રૂપીયાનો ખર્ચ આદિજાતિ વિકાસના ફંડમાંથી કરવામાં આવ્યો, વધુમાં તેમણે કહ્યુ હતુ કે બે મહિનામાં ૫ મોટા કાર્યક્રમો થયા જેનો ખર્ચ આદિજાતિ વિકાસ ફંડમાંથી કરવામાં આવ્યો, જયારે મેં સવાલ ઉભા કર્યા ત્યારે જે સાંસદે બિલો અને વાઉચર મુકાવ્યા છે એમના અને એજન્સીઓના પેટમાં તેલ રેડાયુ, માટે તેઓ મારા પર ખોટા આક્ષેપો કરી રહ્યા છે. મારા વિરૂધ્ધ પુરાવા રજુ કરવામાં આવે નહીતર હું માનહાનિનો કેસ કરીશ, જો ભાજપના સાંસદ મારા વિરૂધ્ધ પુરાવા નહી આપે તો અમે માનીશુ કે તેમને મનોચિકિત્સક પાસે સારવાર લેવાની જરૂરત છે. મનરેગા મુદ્દે પુરાવા સાથે મેં કૌભાંડની વાત કરી હતી ત્યારે પણ મનસુખ વસાવાએ આરોપોને નકાર્યા હતા પરંતુ બાદમાં સાચે જ મનરેગા કૌભાંડ બહાર આવ્યુ હતુ, મનરેગામાં કોણે કૌભાંડ કર્યુ અને કોણે કેટલા રૂપીયા લીધા એનુ લીસ્ટ પણ મનસુખભાઈ પાસે આવી ગયુ હતું. તો મારી વિનંતી છે કે તમે એ લીસ્ટ તમારી સરકારને આપો, પોલીસને આપો અને કાર્યવાહી કરવો, ભ્રષ્ટાચાર કરનારાઓનુ લીસ્ટ મનસુખભાઈ પાસે આવી ગયુ છે. તેમ છતાં પણ જો એ લીસ્ટ પોલીસને અને સરકારને આપતા નથી તો મનસુખભાઈએ બીજા કોઈ વ્યકિત પર પાયા વિહોણા આક્ષેપ કરવા ન જોઈએ. નર્મદામાં ૧૦ કરોડનુ કમલમ કોના પૈસાથી બનાવ્યુ ? નર્મદા જિલ્લામાં આંગણવાડી માટે ગ્રાન્ટ નથી, શાળાઓ અને બીજી કોઈ વ્યવસ્થા માટે પણ પૈસા નથી તો તમે ફાઈવસ્ટાર ૧૦ કરોડનુ કમલમ બનાવ્યુ એના પૈસા કયાંથી આવ્યા ? અમે જયારે દારૂ અને ડ્રગ્સની વિરૂધ્ધ વાતો કરીએ છીએ ત્યારે ભાજપ અને તેમની પોલીસ બુટલેગરોને ઉશ્કેરે છે અને એ બુટલેગરો અમારા નેતાઓ પર હુમલો કરે છે. જો બુટલેગરો વિરૂધ્ધ કડક કાર્યવાહી નહી થાય તો આવનારા દિવસોમાં બુટલેગરો અને ડ્રગ પેડલરો વિરૂધ્ધ અમે મોટી કાર્યવાહી કરીશું.

## ભાવનગર રેલવે મંડળ પર ડૉ. ભીમરાવ આંબેડકરજીનો ૭૦મો ''મહાપરિનિર્વાણ દિવસ'' ઉજવાયો


પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળ પર ભારત રત્ન અને બંધારણના શિલ્પકાર બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરજીનો ૭૦મો મહાપરિનિર્વાણ દિવસ શ્રદ્ધા તથા સન્માન સાથે ઉજવવામાં આવ્યો. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યુ કે બાબાસાહેબનું નિધન ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ થયું હતું, જેને દર વર્ષે મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તા. ૦૬ ડિસેમ્બર ૨૦૨૫ (શનિવાર)ના રોજ મંડળ કચેરીમાં વહીવટી રજા હોવાના કારણે આ કાર્યક્રમ ૮ ડિસેમ્બર ૨૦૨૫ (સોમવાર)ના રોજ મંડળ રેલ પ્રબંધક કચેરી, ભાવનગર ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ અવસરે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાંશુ શર્મા સહિત મંડળના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ બાબાસાહેબને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી અને બે મિનિટનું મૌન પાળી તેમની સ્મૃતિને નમન કર્યું. મંડળ રેલ પ્રબંધક કચેરીના સભાખંડમાં અધિકારીઓ અને કર્મચારીઓએ બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરજીના ફોટા પર પુષ્પમાળા અને પુષ્પાંજલિ અર્પી તેમના યોગદાનને યાદ કર્યો. આ અવસરે ભાવનગર મંડળના વિવિધ ટ્રેડ યુનિયનો, એસસી/એસટી એસોસિયેશન તથા ઓબીસી એસોસિયેશનના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા. સૌએ એકસ્વરે બાબાસાહેબના વિચારો, સામાજિક ન્યાય, સમાનતા તથા બંધારણ પ્રત્યે તેમના અતુલ્ય યોગદાનને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી. આ કાર્યક્રમ દ્વારા બાબાસાહેબના આદર્શોને આત્મસાત કરવાનો તથા સમાજમાં સમતા, બંધુત્વ અને ન્યાયના મૂલ્યોને આગળ વધારવાનો સંકલ્પ લેવામાં આવ્યો.



## ગુજરાતના હોમગાર્ડઝ ના જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ૩ વરસનો કરાયો વધારોઃ હવે વયનિવૃત્તિ ૫૮ વર્ષ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગુજરાતમાં હોમગાર્ડઝના જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ૩ વરસનો વધારો કરાયો છે. વય નિવૃત્તિ ૫૫ વરસથી વધારીને ૫૮ વરસ કરાઈ છે. હોમગાર્ડઝ જવાનોની કામગીરીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરાયો છે. રાજય સરકારે મુંબઈ હોમગાર્ડઝ રૂલ્સ ૧૯૫૩ ના નિયમ ૯ માં આ અંગે સુધારો કરવા નિર્ણય લીધો છે.




જેને પરીણામે હવે હોમગાર્ડઝ સભ્યોની નિવૃત્તિ વયમર્યાદા ૫૫ વરસથી વધારીને ૫૮ વરસ થશે. બૃહદ મુંબઈ રાજયમાં ૬ ડીસેમ્બર ૧૯૪૭ ના રોજ પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં આંતરીક સુરક્ષા માટે હોમગાર્ડઝ દળની રચના કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ હતુ કે રાજયમાં આ દળ પોલીસના પુરકબળ તરીકે ઉત્તમ કામગીરી કરી રહ્યુ છે. હોમગાર્ડઝના જવાનો માનદ સેવા આપીને ચુંટણી બંદોબસ્ત, ટ્રાફીક ફરજો, રાત્રી પેટ્રોલીંગ, વીઆઈપી બંદોબસ્ત, ધાર્મિક અને મેળા બંદોબસ્ત સહિતની દૈનિક તમામ ફરજો પોલીસ સાથે ખંતપૂર્વક નિભાવે છે, આ નિર્ણયથી હોમગાર્ડઝ સભ્યોમાં રાષ્ટ્ર સેવા કરવા માટેનો જુસ્સો વધશે, અને તેઓ વધુ ૩ વરસ માટે પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી શકશે.

આ નિર્ણયથી હોમગાર્ડઝ સભ્યોને વધુ ૩ વરસ રાષ્ટ્ર અને સમાજની સેવા કરવાનો મોકો મળશે એટલુ જ નહી હોમગાર્ડઝના સભ્યો માનદ હોય છે અને તેમના પર કૌટુંબિક જવાબદારીઓ હોય છે, નિવૃત્તિ વયમર્યાદા વધવાથી તેઓ વધુ સારી રીતે પોતાની કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓ નિભાવી શકશે, હોમગાર્ડઝ સભ્યો ક્ષેત્રીય કક્ષાએ ભૌગોલિક અને સામાજિક રીતે લોકો સાથે જોડાયેલા હોવાથી તેઓ રાજયની કાયદો અને વ્યવસ્થાનિ કામગીરી વધુ સારી રીતે પાર પાડવા પોલીસને વધુ મદદ કરી શકશે.

## સ્પેશિયલ ખેલ મહાકુંભમાં 'વોરિયર' ટીમનું શાનદાર પ્રદર્શન, સતત ત્રીજી વખત ગોલ્ડ મેડલ પર કબજો






માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી તથા ગુજરાત સરકારની પ્રેરણાથી દર વર્ષે આયોજિત થનારા સ્પેશિયલ ખેલ મહાકુંભમાં દિવ્યાંગ ખેલાડીઓની પ્રતિભાએ એકવાર ફરી પોતાની ઊંચાઈ સાબિત કરી છે. આ જ ક્રમમાં શ્રી પરાક્રમસિંહ કનુભા ગોહિલ (કેપ્ટન)ના નેતૃત્વ હેઠળ 'વોરિયર' ટીમે પેરા સિટિંગ વોલીબોલની જિલ્લા સ્તરીય સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે.

આ સ્પર્ધાનું આયોજન તારીખ ૦૭/૧૨/૨૦૨૫ (રવિવાર)ના રોજ ભાવનગર ખાતે સિદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના ઈન્ડોર સ્ટેડિયમમાં પેરા સ્પોર્ટ્સ એસોસિયેશન, ભાવનગરના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાવનગર જિલ્લાની કુલ ૭ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં તમામ ટીમોને પરાજિત કરીને 'વોરિયર' ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. નોંધપાત્ર બાબત એ છે કે 'વોરિયર' ટીમે સતત ત્રીજી વખત આ ખિતાબ જીતી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. આ સિદ્ધિ ટીમની અવિરત મહેનત, શિસ્ત અને કેપ્ટન શ્રી પરાક્રમસિંહ ગોહિલના કુશળ નેતૃત્વનું પરિણામ છે.

દિવ્યાંગ કર્મચારી શ્રી પરાક્રમસિંહ કનુભા ગોહિલ હાલમાં પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં મંડળ રેલ પ્રબંધક કાર્યાલયના વાણિજ્ય વિભાગમાં મુખ્ય વાણિજ્ય કલાર્ક તરીકે ફરજ બજાવી રહ્યા છે. આવનાર જાન્યુઆરી ૨૦૨૬માં શ્રી પરાક્રમસિંહ કનુભા ગોહિલના નેતૃત્વમાં 'વોરિયર' ટીમ રાજય સ્તરીય સ્પર્ધામાં પોતાના ચેમ્પિયનશિપ ખિતાબનું રક્ષણ (ડિફેન્ડ) કરવા નડિયાદ માટે રવાના થશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાંશુ શર્મા, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી, મંડળ વાણિજ્ય પ્રબંધક સુશ્રી નીલાદેવી ઝાલા તેમજ ભાવનગર મંડળના તમામ શાખા અધિકારીઓએ તેમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા અને તેમના ઉજ્જ્વળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી.

## ધો.૧૦-૧૨ ની બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાની મુદતમાં કરાયો વધારોઃ તા. ૧૧-૨૨ ડીસેમ્બર બાદ ૩૫૦ લેઈટ ફી લેવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ફેબ્રુઆરી માસમાં લેવાનારી ધો. ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૬ ડીસેમ્બર હતી તેમાં બોર્ડે વધારો કરીને હવે તારીખ ૧૦ ડીસેમ્બર ની રાખવામાં આવી છે. પરીક્ષાર્થીઓ આ સમયગાળા દરમિયાન બોર્ડ દ્વારા નિયત કરવામાં આવેલી રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરી શકશે.




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે તારીખ ૧૧ ડીસેમ્બર થી તારીખ ૨૨ ડીસેમ્બર સુધી અલગ અલગ ૩ તબકકામાં લેઈટ ફી સાથે પરીક્ષાના ફોર્મ સ્વીકારવામાં આવશે. તારીખ ૧૧ થી તારીખ ૧૪ રૂપીયા ૨૫૦, તારીખ ૧૫ થી તારીખ ૧૮ રૂપીયા ૩૦૦ અને તારીખ ૧૯ થી તારીખ ૨૨ સુધી રૂપીયા ૩૫૦ ની લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે.

તારીખ ૨૨ ડીસેમ્બર સુધી કોઈપણ સમયે વિદ્યાર્થીની માહિતી માં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાશે અને તે માટે અલગથી કોઈ પ્રકારની ફી લેવામાં આવશે નહી, જે વિદ્યાર્થીઓનુ પ્રિન્સિપલ એપ્રૂવલ બાકી હોય તો તે પણ તારીખ ૨૨ ડીસેમ્બર ના રાત્રીના ૧૨ વાગ્યા સુધી જ કરી શકાશે, તારીખ ૨૨ ડીસેમ્બર પછી કોઈ વિદ્યાર્થીનુ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. બોર્ડ દ્વારા લેવાનારી આ પરીક્ષામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને પરીક્ષા ફી માંથી મુકિત આપવામાં આવી છે. જો કે લેઈટ ફી માંથી કોઈપણ વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને મુકિત આપવામાં આવશે નહી તેવી પણ સ્પષ્ટતા બોર્ડે કરી છે.

## અમદાવાદ મંડળ પર બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના ૭૦માં મહાપરિનિર્વાણ દિવસ પર શ્રદ્ધાંજલી અર્પિત કરી

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં આજે મંડળ રેલવે મેનેજર કાર્યાલયમાં આયોજિત ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં ભારતીય બંધારણના નિર્માતા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૭૦માં મહાપરિનિર્વાણ દિવસ પર ભાવભીની શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ, અપર મંડળ રેલવે મેનેજર શ્રીમતી મંજૂ મીણા તથા અપર મંડળ રેલવે મેનેજર શ્રી વિકાસ ગઢવાલ સહિત સિનિયર અધિકારીઓએ ડૉ. બી.આર.આંબેડકરની છબી પર પુષ્પમાળા અર્પણ કરી અને દીપ પ્રગટાવીને તેમને નમન કર્યા. કાર્યક્રમમાં મંડળના રેલવે અધિકારી, ટ્રેડ યુનિયનના પ્રતિનિધિ, ઓબીસી એસોસિએશન, એસસી/એસટી એસોસિએશનના પ્રતિનિધિ તથા મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓએ ઉપસ્થિત રહીને ડૉ. આંબેડકરને શ્રદ્ધાંજલી અર્પિત કરી.



# કરોડો રૂપીયાનો વિદેશી દારૂનો કાળો કારોબાર : ગુજરાતમાં દારૂબંધીનો મુદ્દો ફરી સંસદમાં ગુંજયો

### કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે સંસદમાં દારૂ મુદે સવાલ ઉઠાવ્યોઃ કરોડો રૂપીયાનો દારૂનો કાળો કારોબાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં દારૂ ડ્રગ્સના દુષણને લઈને વિપક્ષે આક્રમક રૂખ અપનાવ્યુ છે અને જેને સમર્થન પણ સાંપડી રહ્યુ છે. પરીણામે ભાજપ સરકારે બેકફુટ પર આવવુ પડયુ છે, જો કે હવે ગુજરાતની દારૂબંધીનો મુદ્દો છેક સંસદ સુધી પહોચ્યો છે. રાજસ્થાનના સાંસદે ગુજરાતની દારૂબંધી મુદ્દે સવાલો ઉઠાવ્યા હતા ત્યારે હવે દિવના સાંસદ ઉમેશ પટેલે સંસદમાં એવો મુદ્દો છેડયો હતો કે ગુજરાતમાં કેવી દારૂ બંધી છે ? ખુદ સરકાર જ દારૂ પીવા માટે પરમીટ આપી રહી છે આવુ હોય ખરૂ ?



સંસદમાં ગુજરાતની દારૂબંધીનો સતત મુદ્દો ઉઠી રહ્યો છે. પરીણામે રાજય સરકારની ફજેતી થઈ છે, દીવના સાંસદ ઉમેશ પટેલે સાંસદમાં મુદ્દો ઉઠાવી એવો આક્ષેપ કર્યો કે પ્રતિબંધ હોવા છતાં પણ ગુજરાતમાં ગલીએ ગલીએ દારૂ વેચાઈ રહ્યો છે. મજાની વાત તો એ છે કે જે ગુજરાતમાં દારૂબંધી અમલમાં છે તે રાજયમાં ખુદ સરકાર જ લોકોને દારૂ પીવા માટે પરમીટ આપી રહી છે તો દારૂબંધીનો અર્થ શો ? તે સમજાતુ નથી, પ્રતિબંધ માત્ર નામ પુરતો જ છે કેમ કે ગુજરાતમાં આજે પણ ૭૭ હોટલ રીસોર્ટમાં દારૂ વેચાઈ રહ્યો છે. ગંભીર આરોપ લગાવતા ઉમેશ પટેલે કહ્યુ હતુ કે ગુજરાતમાં ૨૫ થી ૩૦ હજાર કરોડ રૂપીયાનો દારૂનો કાળો કારોબાર ફુલ્યો ફાલ્યો છે પરીણામે એવુ થયુ છે કે સરકારની તીજોરીને નુકશાન પહોચી રહ્યુ છે. ખરેખર તો દારૂની છુટ અપાય તો સરકારને મોટી આવક થાય તેમ છે,

તો બીજી તરફ કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે પણ સંસદમાં આજ મુદ્દો ઉઠાવતા કહ્યુ હતુ કે ગુજરાતમાં ખેડુતો ખાતર માટે ફાંફાં મારી રહ્યા છે પણ દારૂની તો હોમ ડીલીવરી થઈ રહી છે, માંગો તો દારૂ ઘેર પહોચી જાય છે, રવિ સિઝનનો પ્રારંભ થયો છે ત્યારે ખેડુતોને પુરતા પ્રમાણમાં ખાતર મળતુ નથી, તે મુદ્દે સરકારે કાળા બજારીયાઓ સામે પગલા ભરવા જોઈએ તેવી તેમણે માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં દારૂની પરમીટોની સંખ્યા પણ દિવસે દિવસે વધી રહી છે. વર્ષ ૨૦૨૩ અને વર્ષ ૨૦૨૪ માં અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર, ભાવનગર અને રાજકોટમાં સ્વાસ્થ્યના બહાને કુલ મળીને ૪૮૮૬ દારૂની પરમીટો આપવામાં આવી છે.

# ૭૧૯ કરોડનુ સાયબર ફ્રોડ : આંતરરાષ્ટ્રીય ગેંગ માટે મ્યુલ એકાઉન્ટ્સ ચલાવતા ૧૦ આરોપી શખ્સો ભાવનગરથી ઝડપાયા

### ક્રિપ્ટો-રોકડમાં નાણાં દુબઈ અને ચીન મોકલતા હતા : ૨૬ રાજયોમાં ૧૫૯૪ સાયબર ક્રાઈમને અંજામ આપ્યો હતો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એકસીલન્સ દ્વારા રૂપીયા ૭૧૯ કરોડ થી વધુની મહાકાય સાયબર ઠગાઈ આચરનાર એક આંતરરાજય અને આંતરરાષ્ટ્રીય ટોળકીનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. બેંકોમાં મ્યુલ એકાઉન્ટ ખોલાવી, છેતરપીંડીના નાણાં રોકડ અથવા ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતરીત કરીને દુબઈ અને ચીનમાં બેઠેલી સાયબર ફ્રોડ ટોળકીને મોકલવામાં આવતા હતા. આ પ્રકરણમાં બેંક કર્મચારીઓ સહિત કુલ ૧૦ આરોપીઓની ભાવનગર થી ધરપકડ કરવામાં આવી છે.




આંતરરાષ્ટ્રીય અને આંતરરાજય સ્તરે કાર્યરત આ ટોળકીએ દેશના ૨૬ રાજયો અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ ૧૫૯૪ સાયબર ગુન્હાઓને અંજામ આપ્યો હતો. જેમાં મહારાષ્ટ્ર ૩૦૦ , તમિલનાડુ ૨૦૩, કર્ણાટક ૧૯૪, તેલંગાણા ૧૨૮, ગુજરાત ૯૭ અને કેરળ ૯૧ સહિત ૧૫૯૪ સાયબર ક્રાઈમને અંજામ આપ્યો હતો. તપાસમાં જાણવા મળ્યુ છે કે ઠગાઈ કરાયેલા નાણાં ઈન્ડુસ બેંકની ભાવનગર શાખામાં ખોલવામાં આવેલા ૧૧૦ મ્યુલ બેંક ખાતાઓમાં જમા કરવામાં આવ્યા હતા. આ ખાતાઓમાંથી નાણાં રોકડમાં અથવા ક્રિપ્ટો કરન્સી (યુએસડીટી) માં રૂપાંતરીત કરીને આંગડીયા કે ક્રિપ્ટો ટ્રાન્ઝેકશન મારફતે દુબઈ અને ચીનમાં બેઠેલી સાયબર ફ્રોડ ટોળકીના સભ્યો સુધી પહોચાડવામાં આવતા હતા.

કુલ ૧૪૭ સાયબર ફ્રોડ ફરીયાદોના ગુન્હાઓ ઉકેલી લેવાયા છે. જે ભાવનગરના મ્યુલ ખાતા સાથે સંકળાયેલા છે. હ્યુમન સોર્સ અને ટેકનીકલ એનાલીસીસની મદદથી આંતરરાજય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા આ ગુન્હાહીત કાવતરાનો પર્દાફાશ કરી ભાવનગર ખાતેથી કુલ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

આ ટોળકીમાં અબુબકરબીન અલીભાઈ શેખ અને પાર્થ પ્રફુલભાઈ ઉપાધ્યાય નામના બે બેંક કર્મચારીઓ, અલ્પેશ મકવાણા, મહેન્દ્ર મકવાણા અને પ્રતિપ વાઘાણી જેવા નાણાં ઉપાડનારા અને મની મુલ એકાઉન્ટ પુરા પાડનારા તેમજ વિપુલ ડાંગર જેવા મની ફોરવડર્સ નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત જયરાજસિંહ રાયજાદા નાણાંને ક્રિપ્ટો કરન્સી (યુએસડીટી) માં રૂપાંતરીત કરવામાં મદદ કરતો હતો, જયારે ગુરૂપુરબસિંગ ટાંક તેમજ તેજસ પંડયા આ યુએસડીટી દુબઈમાં બેઠેલી ચાઈનીઝ ટોળકીના સભ્યોને મોકલવામાં સક્રિય હતા. આ સમગ્ર ષડયંત્રનો મુખ્ય સુત્રધાર દિવ્યરાજસિંહ ઝાલાની ધરપકડ કરવામાં આવી છે, મુખ્ય સુત્રધાર દુબઈ અને ચીનની ટોળકી સાથે સીધો સંપર્ક ધરાવતો હતો અને ક્રિપ્ટો વોલેટ એડ્રેસ પણ પુરા પાડતો હતો, આ ટોળકી દ્વારા મુખ્યત્વે ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ડીઝીટલ એરેસ્ટ ફ્રોડ, યુપીઆઈ સંબંધીત ફ્રોડ, ડીપોઝીટ ફ્રોડ, લોન ફ્રોડ, પાર્ટ ટાઈમ જોબ ફ્રોડ, ટાસ્ક ફ્રોડ અને વિશિંગ કોલ ફ્રોડ, જેવી વિવિધ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરવામાં આવતો હતો.

સાયબર ગુન્હાઓથી બચવા માટે પ્રજાને વિનંતી છે કે પોતાના બેંક ખાતા કે સીમકાર્ડ કોઈપણ વ્યકિતને, કોઈપણ બહાને કે લાલચમાં આવીને વાપરવા ન આપવા, તેનો ગેરકાયદેસર ઉપયોગ તમને કાયદેસર રીતે જવાબદાર ઠેરવી શકે છે, સોશીયલ મીડીયા પર ટુંકા ગાળામાં વધુ નફો કમાવી આપતી રોકાણ યોજનાઓની જાહેરાત ઉપર પર વિશ્વાસ ન કરવો, ડીઝીટલ એરેસ્ટ જેવી કોઈ કાયદાકીય જોગવાઈ ન હોવાથી પોલીસ, ટ્રાઈ, ઈડી, સીબીઆઈ, આરબીઆઈ, જેવી સરકારી એજન્સીના નામે આવતા કોલ્સથી સાવધાન રહો અને નાણાંકીય કે ખાનગી માહિતી ન આપો, કોઈપણ સાયબર ગુન્હો બને ત્યારે ગોલ્ડન અવર એટલે કે પ્રથમ ૧ કલાકમાં સાયબર હેલ્પ લાઈન નંબર ૧૯૩૦ નો સંપર્ક કરવાથી તમારા ગુમાવેલા નાણાં મહત્તમ બચાવી શકાય છે.

# દિકરી મૈત્રી કરાર કરે તો ચલાવી લેવાય નહી પણ દિકરાને વાંઢો મરવા દેજો : ગેનીબેન ઠાકોર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા બનેલા વાવ-થરાદ જિલ્લામાં ઠાકોર સમાજના બંધારણ માટે બેઠક મળી હતી, મોંઘવારી સામે સમાજને ખર્ચ થી બચાવવા માટે બંધારણ તૈયાર કરવા આ બેઠક મળી હતી, આ બેઠકમાં બનાસકાંઠા કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે સમાજને ટકોર કરી હતી,



**આપણે કોઈ બીજા સમાજની દિકરી લાવવી નહી અને આપણી દિકરી કોઈ લઈ જાય તો આકાશ પાતાળ એક કરીને પાછી લાવવી**

બનાસકાંઠાના વિભાજન બાદ નવા બનેલા વાવ થરાદ જિલ્લામાં ઠાકોર સમાજના બંધારણ ઘડવા અને મોંઘવારી સામે સમાજને ખર્ચ થી બચાવવા માટે બંધારણ તૈયાર કરવા આ બેઠક મળી હતી.

આ બેઠકમાં બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે સમાજને ટકોર કરી હતી કે મૈત્રી કરારના નિયમો સમાજને બરબાદ કરે છે, દિકરીઓ મૈત્રી કરારથી લગ્ન કરે છે તે ચલાવી લેવાનુ નથી, તમારો દિકરો વાંઢો મરે તો મરવા દેજો, ઠાકોર સમાજની બેઠકમાં કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે સમાજને ટકોર કરી હતી કે લગ્નમાં વરરાજાએ દાઢી ન રાખવી, દિકરીઓ મૈત્રી કરાર થી લગ્ન કરે તે ચલાવી લેવાનુ નહી, મૈત્રી કરાર કરી લગ્ન કરે તો ઘેર ન આવવા દેતા, તમારો દિકરો વાંઢો મરે તો મરવા દેજો, મૈત્રી કરાર ના નિયમો સમાજને બરબાદ કરે છે, ગેનીબેને વધુમાં કહ્યુ હતુ કે માતાજીના ભુવાઓ પોતાના સ્વાર્થ માટે અંધશ્રધ્ધા તરફ લઈ જાય છે, સોશીયલ મીડીયાથી યુવક યુવતિઓ દુર રહેજો, બીજાની આબરૂ ના જાય તેનુ પણ રાખવુ જોઈએ, સાથે આપણી પણ આબરૂ ના જાય તેનુ ધ્યાન રાખજો,

આપણે કોઈ બીજા સમાજની દિકરીને લાવવી નહી અને આપણી દિકરી કોઈ લઈ જાય તે ચલાવવુ નહી, આપણી દિકરી જાય તો આકાશ પાતાળ એક કરીને પાછી લાવવી, આખી દુનિયાને દશામા નડતા નથી, માત્ર આપણને જ નડે છે, હવેથી કોઈ બહેન દિકરીએ દશામા ના વ્રત કરવા નહી, જેને દશામા નડે તેને મારા ત્યાં મુકી જજો, દશામા મારી ગાડીમાં મારી સાથે ફરશે, તમને કોઈ નડશે નહી, મહેરબાની કરીને ભુવામાં કોઈ ફસાતા નહી, કોઈ દુઃખ દર્દ હોય તો ડોકટરને બતાવજો,

ગેનીબેને સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા, કુરીવાજો અને ખાસ કરીને દશામા ના વ્રત જેવી માન્યતાઓનો ખુલ્લો વિરોધ કર્યો હતો.

ગેનીબેને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે ભુવા ભોપાના રવાડે ચઢવાને બદલે તબીબી સારવાર અને પુરુષાર્થ પર ભરોસો રાખવો જોઈએ. તેમણે પોતાની આગવી શૈલીમાં કહ્યુ હતુ કે જો દશામા નડતા હોય તો મારી પાસે મોકલી દેજો, હું તેમને મારી ગાડીમાં ફેરવીશ, ગેનીબેને પોતાના સંબોધનમાં ખાસ કરીને મહિલાઓને ટકોર કરતા કહ્યુ હતુ કે દિકરીઓ અને બહેનોએ દશામાના વ્રત કરવાની કોઈ જરૂર નથી. તેમણે તાર્કિક દલીલ કરતા કહ્યુ હતુ કે બીજા સમાજને કયારેય દશામા નડતા નથી તો માત્ર આપણને જ કેમ નડે છે ? તેમણે કટાક્ષમાં ઉમેર્યુ હતુ કે આવા વ્રતો કરીને આપણે સામે ચાલીને ઘરમાં દશા બેસાડીએ છીએ, પોતાના નીડર સ્વભાવનો પરીચય આપતા તેમણે કહ્યુ હતુ કે જો કોઈને દશામા નડતા હોય તો તેમને મારી પાસે મોકલી દેજો, હું એકલી જ ગાડીમાં ફરૂ છુ, તો દશામા પણ મારી સાથે ગાડીમાં ફરશે, ભલે મને નડે, પણ તમને કોઈને નડવા ન જોઈએ.

# સાયબર ક્રાઈમની માહિતી બેંકોએ તુરતજ પોલીસને આપવાની રહેશે : નાયબ મુખ્યમંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સતત વધી રહેલા સાયબર ક્રાઈમ ડીઝીટલ એરેસ્ટ સહિતની ઘટનાઓમાં બેંકોની પણ હવે જવાબદારી નકકી કરવા નિર્ણય લેવાયો છે.




હાલમાં જ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સ્ટેટ લેવલની બેંકીંગ કમિટીની બેઠકમાં જે રીતે સાયબર માફીયામાં બેંક એકાઉન્ટ સહિતની માહિતી મેળવી જાય છે તેના પર પણ ચિંતા દર્શાવવામાં આવી હતી.

આ બેઠકમાં સાયબર ક્રાઈમમાં શોધવામાં બેંકો સહકાર આપતી નહી હોવાની ફરીયાદ થઈ હતી. આ અંગે તુરતજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેને ગંભીરતાથી લેતા બેંકોને પોલીસ વિભાગ જે માહિતી માંગે તે તાત્કાલીક પુરી પાડવી પડશે તેવુ જણાવ્યુ હતું. સંઘવીએ આ અંગે તમામ જિલ્લા / મહાનગર પોલીસ વડાઓને સુચના આપી હતી કે જે બેંકો આ પ્રકારની માહિતી સમયસર ન આપે તો તેને નોટીસ ફટકારવા સુચના આપી હતી. રાજય સરકારે સ્પષ્ટ કહ્યુ હતુ કે સાયબર ક્રાઈમ અટકાવવામાં બેંકો મહત્વની ભુમિકા ભજવી શકે છે અને તે ભજવવાની રહેશે. ઉલ્લેખનીય છે કે હાલમાં જ અન્ય એક રાજયમાં ડીઝીટલ એરેસ્ટનો શિકાર બનેલ સીનીયર સીટીઝન તેમની બેંક એફડી અને અન્ય રોકાણો તોડીને સાયબર માફીયાને નાણાં આપવા માટે બેંકે પહોચ્યા તો બેંક મેનેજરને શંકા જતા તેઓએ ચાલાકીપૂર્વક આ સીનીયર સીટીઝનને ડીઝીટલ એરેસ્ટમાંથી મુકત કરાવીને મોટી રકમ બચાવી લીધી હતી.

# રાજકીય-સામાજિક અવગણના હવે બ્રહ્મ સમાજ સ્વીકારશે નહી : બ્રહ્મ સમાજ

પ્રતિનિધિ,ગાંધીનગર

છેલ્લા ઘણા સમયથી બ્રાહ્મણોની વિવિધ ક્ષેત્રે અવગણના થઈ રહી છે ત્યારે રાજકીય અને સામાજિક અવગણના સામે અવાજ ઉઠાવ્યા હતા. ગઈ કાલે રવિવારે અટલ સરોવર નજીક બ્રહ્મ દેવ સમાજના નેજા હેઠળ બ્રાહ્મણોનુ એક રાજય કક્ષાનુ સંમેલન યોજવામાં આવ્યુ હતું.




આ સંમેલનમાં રાજયભરમાંથી ૨૦ હજાર જેટલા ભુદેવોએ હાજરી આપી હતી અને સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત રાજયભરમાંથી ૩૪ જિલ્લામાંથી આવેલા બ્રહ્મ સમાજના આગેવાનો મિલન શુકલ, જયદેવ જોશી, છેલભાઈ જોશી, જીગરભાઈ મહેતા સહિતના ૨૫૪ તાલુકાના આગેવાનોએ એકી અવાજે જણાવ્યુ હતુ કે દરેક રાજકીય પક્ષો દ્વારા રાજકીય અને સામાજિક રીતે ભુદેવોની અવગણના થાય છે. જે હવે સહન કરાશે નહી, સરકારે બ્રાહ્મણોની લાગણીને સમજી અને પુરતો ન્યાય કરવો પડશે. આગેવાનોએ એવુ પણ જણાવ્યુ હતુ કે ટુંક સમયમાં મહાનગરપાલિકાની ચુંટણીઓ આવી રહી છે ત્યારે આ ચુંટણીમાં રાજકીય પક્ષોએ બ્રહ્મ સમાજને પુરતુ પ્રતિનિધિત્વ આપવુ પડશે. બ્રહ્મ દેવ સમાજના રાષ્ટ્રીય સચિવ મિલન શુકલએ જણાવ્યુ હતુ કે આ સંમેલન કોઈ રાજકીય હેતુ માટે યોજાયુ નથી. ખાસ કરીને થઈ રહેલી અવગણના સામે બ્રહ્મ સમાજને એક કરવાના હેતુથી આ સંમેલન યોજવામાં આવ્યુ હતુ આ તકે બ્રહ્મ અગ્રણી પંકજભાઈ રાવલે પણ જણાવ્યુ હતુ કે સત્તાધિશોએ બ્રહ્મ સમાજની લાગણીની નોંધ લેવી જોઈએ છતાં સત્તાધીશો કે અન્ય રાજકીય પક્ષો અમારી અવગણના ચાલુ રાખશે તો હવે સમાજ સહન કરશે નહી. આ તકે રાજયભરમાંથી આવેલા સમાજના આગેવાનોએ દરેક બ્રાહ્મણોને મજબુત એકતા રાખવા સંદેશ આપ્યો હતો અને એકતામાં જ જીત હોવાનુ એકી અવાજે જણાવ્યુ હતું.

# ગુજરાત સરકારનુ એકીકૃત એઆઈ આધારીત પોર્ટલ : રાજયના તમામ કાનુની દસ્તાવેજો એક જ સ્થળે મળી શકશે

### તમામ ઠરાવો અને પરીપત્રોની ઓનલાઈન લાઈબ્રેરી બનાવવા રાજય સરકારે શરૂ કર્યો આધુનિક પ્રયોગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર રાજયની શાસન વ્યવસ્થાને વધુ પારદર્શક અને ઝડપી બનાવવા માટે એક વિશાળ ડીઝીટલ પોર્ટલની રચના કરી રહી છે, આ પોર્ટલમાં સરકાર દ્વારા વરસોથી જારી કરાયેલા તમામ કાયદા, નીતીઓ, ઠરાવો, પરીપત્રો અને જાહેરનામા એકત્રિત કરવામાં આવશે, એઆઈ આધારીત સર્ચ સિસ્ટમ સાથે આ પ્લેટફોર્મ નાગરીકો, અધિકારીઓ અને સંશોધકોને સચોટ માહિતી સુધી તાત્કાલીક પહોંચાડશે, એક કિલકમાં દસ્તાવેજ ઉપલબ્ધ થતા રાજયની કાર્યશૈલી વધુ સુવ્યવસ્થિત બનશે,




સત્તાવાર જાણકારી મુજબ રાજયના તમામ વિભાગોને તાત્કાલીક સુચના આપી દેવામાં આવી છે કે તેઓ પોતાના તમામ જુના અને નવા દસ્તાવેજો ગુગલ શીટના ફોર્મેટ માં અપડેટ કરે, આવતા ૫ દિવસમાં દરેક વિભાગને માહિતી સબમીટ કરવી ફરજીયાત હશે, મુખ્યમંત્રી કાર્યાલય રોજના આધારે પ્રગતિની સમિક્ષા કરી રહ્યુ છે, જેથી સમયમર્યાદા અંદર પ્રોજેકટનો પ્રથમ તબકકો પૂર્ણ થાય, આ ગતિશીલ મોનીટરીંગથી પોર્ટલનુ કામ નિર્ધારીત રફતારે આગળ વધી રહ્યુ છે. અગાઉ નાગરીકો અથવા અધિકારીઓને જુના પરીપત્રો કે રદ થયેલા ઠરાવો વિશે ચોકકસ માહિતી મેળવવામાં મુશ્કેલી પડતી હતી. વિભાગોની વેબસાઈટ ઉપર માહિતી અલગ અલગ રાખવામાં આવતી હોવાથી જરૂરી દસ્તાવેજ શોધવામાં સમય બગડતો હતો.

નવા પોર્ટલથી રાજયની તમામ શાસકીય માહિતી એકીકૃત રૂપ ઉપલબ્ધ થઈ જશે, આ ડીઝીટલ લાઈબ્રેરી ભારતના અન્ય રાજયો માટે પણ એક નવુ મોડેલ બની શકે છે. પ્રોજેકટનો મુખ્ય હેતુ એ છે કે રાજયની વ્યવસ્થામાં વધુ એકરૂપતા અને ચોકસાઈ લાવી શકાય, તે માટે જુના અને બિનઅસરકારક દસ્તાવેજોને દુર કરીને માત્ર ઉપયોગી, સચોટ અને અપડેટ થયેલી માહિતી જ પોર્ટલ પર રાખવામાં આવશે. આ પ્રક્રિયા અમલમાં આવતા નાગરીકો પોતાની જરૂરીયાત અનુસાર કોઈપણ દસ્તાવેજ મોબાઈલ અથવા કોમ્પ્યુટર પરથી સરળતાથી ડાઉનલોડ કરી શકશે. દસ્તાવેજ શોધવુ હવે મીનીટો નહી પરંતુ સેકન્ડોની વાત રહેશે. પોર્ટલમાં સમાવાયેલ એઆઈ આધારીત શોધ પધ્ધતિ દસ્તાવેજોને વિષય, વર્ષ, વિભાગ અને કીવર્ડ પ્રમાણે ફીલ્ટર કરશે. તેનાથી અધિકારીઓના ફાઈલ વર્કમાં મોટી માત્રામાં સમય બચશે અને શાસન પ્રક્રિયામાં લગભગ ૫૦ ટકા ઝડપ વધશે, માનવીય ભુલોમાં ઘટાડો થવાથી દસ્તાવેજોની ચોકસાઈમાં પણ સુધારો થવાની શકયતા છે.

રાજય સરકારનો દાવો છે કે ડીઝીટલાઈઝેશનનો આ પ્રયત્ન પ્રજાને સીધી અને અસરકારક સેવા આપશે, મળતી માહિતી અનુસાર મુખ્યમંત્રી દ્વારા આ સમગ્ર પ્રોજેકટને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. દરેક વિભાગને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે કે દસ્તાવેજોના અપડેટમાં કોઈ વિલંબ સહન કરવામાં આવશે નહી. આવતા અઠવાડીયાઓમાં આ પોર્ટલ તબકકાવાર રીતે જાહેર સેવાઓ માટે શરૂ કરવામાં આવશે. રાજય સરકાર માને છે કે આ પહેલ ગુજરાતના ડીઝીટલ શાસનને નવી ઉંચાઈઓ પર પહોચાડશે.

# ભાજપને ગુજરાતમાંથી દુર કરીશુ તો જ ન્યાય મળશે : પંજો અને કમળ એક જઃ રાજકોટમાં અરવિંદ કેજરીવાલના ભાજપ પર પ્રહારો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા છે. હાલમાં તેઓ રાજકોટની મુલાકાતે છે તેઓએ આજે સોમવારે રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન હોલમાં ખેડુતો સાથે બેઠક યોજી હતી. જેમાં તેઓએ ભાજપ પર પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાંથી ભાજપને દુર કરીશુ તો જ ન્યાય મળશે, પંજો(કોંગ્રેસ) અને કમળ(ભાજપ) બંને એક જ છે, ભારતમાં અંગ્રેજોનુ શાસન હતુ ત્યારે ગાંધીજીએ ૧૯૪૨ માં અંગ્રેજો ભારત છોડો આંદોલન છેડયુ હતુ એ રીતે હડદડની ઘટના ભાજપ ગુજરાત છોડો આંદોલન બનવા જઈ રહ્યુ છે.




**એક એક વ્યકિતને અમે જેલમાંથી બહાર કાઢીશુઃ ખરેખર દોષિત છે તેમને જેલમાં પુરવામાં આવશેઃ મારા ઘરે પણ રેડ પાડવામાં આવી હતી**

વધુમાં તેમણે કહ્યુ હતુ કે બે મહિનાથી કેટલાક લોકો હજુ પણ જેલમાં બંધ છે જેમાં ૪૨ ને જામીન થયા અને ૪૬ હજુ જેલમાં છે. એક એક વ્યકિતને અમે જેલમાંથી બહાર કાઢીશુ, મને પણ જેલમાં નાખવામાં આવ્યો હતો. મારો વાંક શુ હતો ? હું દિલ્હીના લોકોની સેવા કરતો હતો દિલ્હીમાં હોસ્પીટલ, સ્કુલ, કોલેજ, મહોલ્લા કલીનીક બનાવવાનુ કામ કરતો હતો, ૧૦૦ વખત મને જેલમા બંધ કરવામાં આવશે તો પણ હું લોકો માટે કામ કરતો રહીશ, નકલી દારૂ, ડ્રગ્સ વેચનારને પકડવાની જગ્યાએ ખેડુતોને પકડવામાં આવી રહ્યા છે. કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતુ કે માત્ર આંદોલન કરવાથી નહી પરંતુ તમે ચુંટણીમાં મત આપવા માટે જશો ત્યારે જે બટન દબાવશો એના આધારે તમને ન્યાય મળશે. બોટાદના હડદડમાં ૮૮ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, ખેડુતો ત્યાં પથ્થરમારો કરવા નહી પણ કડદા મામલે ન્યાય માંગવા ગયા હતા જેથી તમામ ખેડુતોને છોડી મુકવામાં આવે, બે વરસ પછી ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સરકાર આવશે ત્યારે તમામ ખોટી એફઆઈઆર રદ કરવામાં આવશે અને ખોટી રીતે જેઓ જેલમાં છે તેમને મુકત કરવામાં આવશે અને જેઓ ખરેખર દોષિત છે તેમને જેલમાં પુરવામાં આવશે.

કેજરીવાલે કહ્યુ હતુ કે એફઆઈઆર થી ડરવાની જરૂર નથી. હું જેલમાં ૬ મહિના રહ્યો છુ, મનિષ સીસોદીયા અઢી વરસ જેલમાં રહ્યા હતા. મારા ઘરે રેડ પાડવામાં આવી હતી પરંતુ એકપણ રૂપીયો મળ્યો ન હતો, મારા પર ખોટી ફરીયાદ કરી મને જેલમાં નાખવામાં આવ્યો હતો. બે વરસમાં આમ આદમી પાર્ટીની સરકાર ગુજરાતમાં બની રહી છે. ખોટી તમામ એફઆઈઆર અમારી સરકાર બનતા રદ કરવામાં આવશે.